શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ અષાઢ સુદ ચોથ બુધવાર ૧૦ જુલાઈ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૦૨

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# યુદ્ધ મેદાનમાં શાંતિ પ્રયાસો અશક્ય: મોદીનો પુટિનને સંદેશ

**શાંતિ** પ્રયાસો બોમ્બ-ગોળીઓ વચ્ચે સફળ થતાં નથી:

**પુટિન** સાથે મંત્રણાની પ્રારંભિક ટિપ્પણીમાં મોદીએ કહ્યું કે યુદ્ધમાં નિર્દોષ બાળકોનાં મોત હ્દયદ્રાવક છે

**ઝેલેન્સ્કીએ** મોદી-પુટિન મુલાકાતની કરેલી ટીકા પછી મોદીએ રશિયાની પણ દેખીતી ટીકા કરી

**મોદીએ** પુટિન સાથેની શિખર મંત્રણાને ઉત્પાદક ગણાવી


**મોસ્કો, તા. 9 (PTI):** એક સ્પષ્ટ સંદેશો પાઠવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિનને કહ્યું હતું કે યુક્રેન યુદ્ધનો ઉકેલ યુદ્ધ ભૂમિ પર શક્ય નથી અને શાંતિ પ્રયાસો બોમ્બો અને ગોળીઓની વચ્ચે સફળ થતા નથી, જ્યારે તેમણે કિવમાં બાળકોની એક હોસ્પિટલ પર થયેલા ઘાતક મિસાઈલ હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ક્રેમલિનમાં પુટિન સાથેની શિખર મંત્રણાઓની ટેલિવાઈઝ્ડ પ્રારંભિક ટિપ્પણીમાં મોદીએ કહ્યું હતું કે નિર્દોષ બાળકોની હત્યાઓ હદયદ્રાવક અનેઘણી દુ:ખદ છે. કિવામાં બાળકોને એક હોસ્પિટલ પર શંકાસ્પદ રશિયન મિસાઈલ પડ્યું જેણે વિશ્વભરમાં રોષ જગાવ્યો તેના એક દિવસ પછી મોદીએ આ કહ્યું હતું. તે યુદ્ધ હોય, સંઘર્ષ કે ત્રાસવાદી હુમલો હોય, માનવતામાં માનતા બધા લોકોને ઘેરી અસર થાય છે જ્યારે કોઈનો જીવ જાય છે. પરંતુ તેમાં પણ જ્યારે નિર્દોષ બાળકો મરે છે, તે હ્દયદ્રવાક છે અને તે પીડા ઘણી ભયંકર હોય છે એમ મોદીએ કહ્યું હતું. ભારતીય વડાપ્રધાનની આ ટિપ્પણી રશિયાની ટીકા કરનારી માનવામાં આવે છે જે એના કલાકો પછી આવી છે જ્યારે યુક્રેનના પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કીએ ભારતીય વડાપ્રધાનની પુટિનને ભેટવા બદલ ટીકા કરી હતી. પોતાની ટિપ્પણીમાં મોદીએ પુટિન સાથેની સોમવાર સાંજની મુલાકાત વખતે યુક્રેન યુદ્ધ અંગે થયેલી લંબાણપૂર્વકની મંત્રણાનો પણ સંદર્ભ આપ્યો હતો અને કહ્યું હતું કે ઉકેલ શોધવા માટે મંત્રણા જ એકમાત્ર માર્ગ છે. શાંતિની ફરી સ્થાપના માટે, ભારત સંભવિત તમામ માર્ગે સહકાર આપવા તૈયાર છે એમ મોદીએ કહ્યું હતું.

વડાપ્રધાન મોદીએ અન્ન, ઈંધણ અને ખાતરની ભારતીયો માટેની તંગીને ટાળવા માટે ભારત-રશિયા સહકારની સરાહના કરી હતી. વિશ્વ જ્યારે ખોરાક, ઈંધણ અને ખાતરની તંગીનો સામનો કરી રહ્યૂં હતું ત્યારે અમે અમારા ખેડૂતોને કોઈ સમસ્યાનો સામનો કરવા દીધો નહીં અને રશિયા સાથેની અમારી દોસ્તીએ આમાં મહત્વનો ભાગ મજવ્યો એમ મોદીએ કહ્યું. મોદીએ ત્રાસવાદના પડકારો અંગેની ચિંતા પણ ઉપાડી હતી. સમિટ પછી વડાપ્રધાને પુટિન સાથેની મંત્રણાઓને ઉત્પાદક ગણાવી હતી.

## રશિયા પોતાના લશ્કરના સપોર્ટ સ્ટાફ તરીકે કામ કરતા તમામ ભારતીયોને મુક્ત કરવા સંમત

> રશિયન લશ્કરને સેવા આપવા માટે ભરતી કરાયેલા ભારતીયોના મુદ્દાને ગયા મહિને જ ભારતે મોટી ચિંતાનો વિષય ગણાવ્યો હતો
>
> અત્યાર સુધીમાં સુરતના એક યુવાન સહિત આવા ચાર ભારતીયોના રશિયા-યુક્રેન યુદ્ધમાં મોત નિપજ્યા છે

**મોસ્કો.** રશિયાએ રશિયન લશ્કરના સપોર્ટ સ્ટાફ તરીકે ભારતીયોની ભરતી બંધ કરવાની અને જેઓ હજી આ દળમાં કામ કરી રહ્યા છે તેમને સ્વદેશ પાછા મોકલવાની ભારતની હાકલ વ્યાપકપણે સાંભળી છે એમ ટોચના સૂત્રોએ આજે જણાવ્યું હતું. ગયા મહિને ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે રશિયન લશ્કરમાં સેવા આપતા ભારતીયોનો મુદ્દો એક ઘણી ચિંતાની બાબત રહી છે અને મંત્રાલયે રશિયા આ બાબતે પગલાં ભરે તેવી માગણી કરી હતી. વડાપ્રધાન મોદી જ્યારે હાલ રશિયાની યાત્રાએ ગયા છે ત્યારે દેખીતી રીતે આ મુદ્દો હાથ ધરાયો હતો. આજે મોદી અને પુટિન વચ્ચેની શિખર મંત્રણા પુરી થાય તે પછી રશિયન લશ્કરના ટેકાના કર્મચારીઓ તરીકે કામ કરતા તમામ ભારતીયોને છૂટા કરવાના રશિયાના નિર્ણયની જાહેરાત થાય તેવી અપેક્ષા રખાતી હતી. રશિયા આ મુદ્દે આપણી વિનંતી સાથે વ્યાપકપણે સંમત થયું છે એમ સૂત્રોએ જણાવ્યું હતું. ૧૧મી જૂને, ભારતે જણાવ્યું હતું કે રશિયન લશ્કર દ્વારા ભરતી કરાયેલ બે ભારતીયો રશિયા-યુક્રેનના ચાલતા યુદ્ધમાં માર્યા ગયા હતા, તે સાથે આવા મૃત્યુઓનો આંક ચાર પર પહોંચ્યો હતો. આમાં સુરતના એક યુવાનનો પણ સમાવેશ થાય છે. ફેબ્રુઆરીમાં સુરતના રહેવાસી એવા ૨૩ વર્ષીય હેમલ માંગુકિયાનું રશિયન લશ્કરના સિક્યુરિટી હેલ્પર તરીકે કામ કરતી વખતે દોનેત્સ્ક પ્રદેશમાં યુક્રેનિયન હવાઇ હુમલામાં મોત થયું હતું.



## મોદીના રશિયા પ્રવાસથી યુક્રેનના રાષ્ટ્રપતિ નારાજ

**કિવ.** વડા પ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના પ્રવાસે છે, જ્યાં તેઓએ મંગળવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે શિખર મંત્રણામાં ભાગ લીધો હતો. દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ પીએમ મોદીના રશિયા પ્રવાસ પર નારાજગી વ્યક્ત કરી છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, પીએમ મોદીની રશિયાની મુલાકાતથી શાંતિના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. વડા પ્રધાન મોદી રશિયાની બે દિવસીય મુલાકાતે સોમવારે મોસ્કો પહોંચ્યા હતા. જ્યાં પીએમ મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ ગળે લગાવીને એકબીજાંને શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જે દિવસે પીએમ મોદી રશિયાની મુલાકાતે ગયા હતા તે જ દિવસે રશિયન હુમલામાં યુક્રેનમાં ત્રણ ...અનુસંધાન પાના 4 પર

## મોદીને રશિયાનું સર્વોચ્ચ સન્માન અપાયું



**મોસ્કો.** વડાપ્રધાન મોદીને રશિયાના સર્વોચ્ચ સન્માન ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ ધ એપોસ્ટલથી સન્માનવામાં આવ્યા હતા. મોદીને આ એવોર્ડનો મેડલ રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિને પોતે પહેરાવીને સન્માનિત કર્યા હતા. પોતાના આવાસ નોવો-ઓગારિયોવોમાં મોદીને ભેટીને પ્રમુખ પુટિને સ્વાગત કર્યું હતું. બંને નેતાઓએ દુભાષિયાની મદદથી વાતચીત કરી હતી. મોદીએ એક્સ પર પુટિન સાથેની પોતાની મુલાકાતની તસવીરો શેર કરીને લખ્યું હતું કે યજમાન બદલ પ્રમુખ પુટિન તમારો આભાર.

## રશિયામાં ભારત વધુ બે કોન્સ્યુલેટ કચેરીઓ ખોલશે

> કાઝાન અને યેકાતેરિનબર્ગ શહેરોમાં કોન્સ્યુલેટ્સ શરૂ કરાશે
>
> હાલમાં સેન્ટ પિટ્સબર્ગ અને વ્લાદીવોસ્તોક શહેરોમાં ભારતીય કોન્સ્યુલેટો છે

**મોસ્કો.** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જાહેરાત કરી હતી કે ભારતે રશિયા સાથેના પ્રવાસ અને વ્યાપારને વધુ વેગ આપવા માટે રશિયાના કાઝાન અને યેકાતેરિનબર્ગ શહેરોમાં બે નવી કોન્સ્યુલેટ્સ ખોલવાનો નિર્ણય કર્યો છે. ભારત હાલમાં રશિયામાં બે કોન્સ્યુલેટ કચેરીઓ સેન્ટ પિટ્સબર્ગ અને વ્લાદીવોસ્તોક શહેરોમાં ધરાવે છે. મોદીએ રશિયાની પોતાની બે દિવસની મુલાકાત વખતે ત્યાં વસતા ભારતીય સમુદાયને સંબોધન કરતી વખતે કાઝાન અને યેકાતેરિનબર્ગ શહેરોમાં બે નવી કોન્સ્યુલેટો ખોલવાની જાહેરાત કરી હતી. યેકાતેરિનબર્ગ એ રશિયાનું ચોથા ક્રમનું સૌથી મોટું શહેર છે અને એક અગત્યના આર્થિક કેન્દ્ર તરીકે ઉપસ્યું છે. ૨૦૧૮ની ફીફા વર્લ્ડ કપ મેચો આ શહેરમાં જ યોજાઇ હતી. કાઝાન એ સાંસ્કૃતિક અને શૈક્ષણિક હબ છે. ઓકટોબરમાં બ્રિક્સ સમિટ આ શહેરમાં જ યોજાનાર છે.




## એનઆઈએના નવનિયુક્ત ડીજીએ મોર્નિંગ ડાયરી પ્રથા શરૂ કરી

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) ના નવનિયુક્ત ડિરેક્ટર જનરલ સદાનંદ દાતેએ તેમના તમામ વરિષ્ઠ અધિકારીઓને સુનિશ્ચિત કરવા જણાવ્યું છે કે તેમના સબઓર્ડિનેટ્સ ‘મોર્નિંગ ડાયરી’ બનાવી રાખે. આ એક પ્રથા છે, જે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળો દ્વારા અનુસરવામાં આવે છે. જેમાં અધિકારીઓ છેલ્લા 24 કલાકમાં તેમના કામનો હિસાબ જાળવી રાખે છે. ત્યાર બાદ તેઓ તેને તેમના ઉપરી અધિકારીઓ સાથે શેર કરે છે. તાજેતરમાં એનઆઈએમાં તેના વડા તરીકે જોડાયા પછી એવું જાણવા મળ્યું છે કે સંસ્થાના નવા ડિરેક્ટર જનરલને જાણવા મળ્યું છે કે, એજન્સીમાં સવારની ડાયરીનો કોઈ ખ્યાલ જ નહોતો. તદનુસાર, તેમણે તમામ વરિષ્ઠ અધિકારીઓને કહ્યું કે આ પ્રથા અપનાવે અને ...અનુસંધાન પાના 4 પર

## ગૌતમ ગંભીર ભારતીય પુરૂષ ક્રિકેટ ટીમનો નવો કોચ જાહેર

**બીસીસીઆઇ** સચિવ જય શાહે ‘X’ પર પોસ્ટ લખીને ગૌતમ ગંભીરની કોચ પદે વરણીની જાહેરાત કરી

**જય શાહે** કરેલી જાહેરાતને પગલે સેલેરી મામલે વરણી ઘોંચમાં પડી હોવાના અહેવાલોનું સુરસુરિયુ થયું



**નવી દિલ્હી, તા. 09 :** વિશ્વ કપ વિજેતા ટીમના ઓપનિંગ બેટ્સમેન ગૌતમ ગંભીરને મંગળવારે ભારતીય પુરૂષ ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. ટી-20 વર્લ્ડકપમાં ભારતીય ટીમ ચેમ્પિયન બની તેની સાથે જ મુખ્ય કોચ તરીકેનો રાહુલ દ્રવિડ કાર્યકાળ સમાપ્ત થયો હતો અને હવે ગંભીર દ્રવિડનું સ્થાન ...અનુસંધાન પાના 4 પર

## સરકાર નાના, મધ્યમ, લઘુ ઉદ્યોગોને ૪૫ દિવસમાં ચુકવણીનો નિયમ બજેટમાં હળવો બનાવી શકે

**મોટી** કોર્પોરેટ કંપનીઓ આવા ઉદ્યોગો પાસેથી આ નિયમને કારણે માલ ખરીદવાનો બંધ કરી દે તેવા ભયને કારણે નિયમ હળવો કરવા વિચારણા



**નવી દિલ્હી, તા. 9 (PTI):** સરકાર લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસો પાસેથી ખરીદવામાં આવેલ માલસામાન અને સેવાઓના બદલામાં ૪૫ દિવસમાં ચુકવણી કરવાની જરૂરિયાત હળવી કરી શકે છે. મોટી કોર્પોરેટ કંપનીઓને અન્ય સ્ત્રોતોના ક્ષેત્રો શોધતા અટકાવવા માટે આ કરવામાં આવી શકે છે એ મુજબ સૂત્રોએ જણાવ્યું હતું.

સરકાર બજેટ પહેલાની ચર્ચાઓમાં એમએસએમઈઝને ચુકવણીને લગતી આવકવેરા ધારાનીકલમ ૪૩બી(એચ)માં ફેરફારોને લગતા સૂચનો પર વિચારણા કરી શકે છે. સરકારે ગયા વર્ષના બજેટમાં આવકવેરા ધારામાં કલમ ૪૩બી હેઠળ નવી કલમ ઉમેરી હતી જે દેશમાં નાના, લઘુ, મધ્યમ ઉદ્યોગોને મોડી ચુકવણીની સમસ્યાના કરવા પડતા સામનાને હાથ ધરવા માટે ઉમેરવામાં આવી હતી. આવકવેરા ધારાની કલમ ૪૩બી(એચ)ની જોગવાઇ, કે જે નાણા ખરડા ૨૦૨૩ મારફતે રજૂ કરાઇ હતી તે મુજબ જો મોટી કંપનીઓ કોઇ નાના, લઘુ કે મધ્યમ ઉદ્યોગને - લેખિત ખાતરીના સંજોગોમાં ૪૫ દિવસની અંદર - સમયસર ચુકવણી નહીં કરે તો આવી ચુકવણી તેની કરપાત્ર આવકમાંથી ખર્ચ તરીકે બાદ કરી શકાશે નહી, જેના કારણે સંભવિત વધુ ઉંચો વેરો ચુકવવાનો થઇ શકે છે.

જો કે એમએસએમઇઝને ભય છે કે આ જોગવાઇને કારણે મોટા ગ્રાહકો આવા નાના, લઘુ, મધ્યમ ઉદ્યોગો પાસેથી ખરીદીમાં ઉદાસીનતા દાખવી શકે છે અને જેઓ ઉદ્યમ સાથે નોંધાયેલા નથી તેવા એમએસએમઇઝ અથવા નોન-એમએસએમઇઝ પાસેથી ખરીદવાનું શરૂ કરી શકે છે. આ સુધારો એમએસએમઇઝને સમયસર પેમેન્ટ મળી રહે તે માટે કરાયો હતો પણ તેમના તરફથી ઘણો ભય વ્યક્ત કરવામાં આવ્યો હતો એમ સૂત્રોએ જણાવ્યું હતું.

## RSS સામયિકે વસ્તીની અસમતુલાનો મુદ્દો ઉપાડ્યો: રાષ્ટ્રીય વસ્તી નિયંત્રણ નીતિ માટે હાકલ

**ઓર્ગેનાઇઝર** સાપ્તાહિકમાં દેશના કેટલાક ભાગોમાં મુસ્લિમ વસ્તીમાં થયેલા મોટા વધારા અંગે ચિંતા વ્યક્ત કરાઇ

**નવી દિલ્હી, તા. 9 (PTI):** આરએસએસ સાથે સંકળાયેલા એક મેગેઝિને એક સમગ્રલક્ષી રાષ્ટ્રીય વસ્તી નિયંત્રણ નીતિ રજૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેણે વસ્તીલક્ષી અસમતુલા તરફ નિર્દેશ કર્યો હતો, જે દેશના કેટલાક ચોક્કસ વિસ્તારોમાં મુસ્લિમ વસ્તીમાં નોંધપાત્ર વધારા સાથે ઉભરી રહી છે.

ઓર્ગેનાઇઝર સાપ્તાહિકના હાલના અંકમાં પ્રકાશિત થયેલા તંત્રીલેખમાં વસ્તીની પ્રાદેશકિક અસમતુલા અંગે પણ ચિંતા ઉઠાવવામાં આવી હતી અને નીતિ હસ્તક્ષેપની હાકલ કરવામાં આવી હતી. તેમાં કહેવાયું હતું કે વસ્તી નિયંત્રણના પગલાઓ લાગુ પાડવા માટે પશ્ચિમ અને દક્ષિણના રાજ્યો સરખામણીમાં બહેતર કાર્ય કરી રહ્યા છે પણ તેમને ભય છે કે વસ્તી ગણતરી પછી જો બેઝ વસ્તી બદલાશે તો તેઓ સંસદમાં કેટલીક બેઠકો ગુમાવશે. રાષ્ટ્રીય સ્તરે વસ્તી સ્થિત કરવા છતાં તે તમામ ધર્મો અને પ્રદેશો માટે સરખું નથી. કેટલાક ચોક્કસ વિસ્તારો, ખાસ કરીને સરહદી જિલ્લાઓમાં મુસ્લિમ વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. તંત્રીલેખમાં કહેવાયું છે કે સરહદી રાજ્યો જેવા કે પશ્ચિમ બંગાળ, બિહાર, આસામ અને ઉત્તરાખંડમાં સરહદપારથી ગેરકાયદે સ્થળાંતરને ...અનુસંધાન પાના 4 પર

## દિલ્હીના બજારોમાં ટામેટાના ભાવ વધીને કિલોના રૂ. ૯૦ થઈ ગયાં

**અનેક** રાજ્યોમાં ભારે વરસાદને કારણે પુરવઠો ખોરવાઇ જતાં ભાવોમાં ભારે ઉછાળો

નવી દિલ્હી, તા. ૯(પીટીઆઇ): રાજધાનીના શહેરના વિવિધ બજારોમાં ટામેટાના ભાવ વધીને રૂ. ૯૦ પ્રતિ કિલોગ્રામ થઇ ગયા હતા જ્યારે દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદને કરણે તેના પુરવઠાને અસર થઈ છે એમ ઘણા શાકભાજી વિક્રેતાઓએ આજે જણાવ્યું હતું.

શહેરના ઘણા રહીશોએ તેમના સ્થાનિક બજારોમાં અને ઓનલાઇન રિટેઈલિંગ મંચો પર ટામેટાના વધતા ભાવો અંગે હતાશા વ્યક્ત કરી હતી. થોડા દિવસ પહેલા જ, અમે ટામેટા કિલોના રૂ. ૨૮ના ભાવે ખરીદ્યા હતા અને હવે તે રૂ. ૯૦ પ્રતિ કિલોના ભાવે ઓનલાઈન અને સ્થાનિક બજારમાં વેચાય છે. શાકભાજીઓ વધુ મોંઘા થઈ ગયા છે એમ લક્ષ્મી નગર વસ્તીના એક રહેવાસીએ કહ્યું હતું. ટામેટાના ભાવ જથ્થાબંધ બજારમાં પણ વરસાદને કારણે કિલોના રૂ. ૫૦ થઈ ગયા છે. છેલ્લા એક સપ્તાહમાં ટામેટાનો પુરવઠો ખોરવવાને કારણે આ થયું છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, હિમાચલ જેવા રાજ્યોમાંથી ટામેટા લઈને ...અનુસંધાન પાના 4 પર

## હવામાન

તા. ૦૯-૦૭-૨૦૨૪નું સુરત શહેરનું

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૧૮.૦૦ મીમી | મોસમનો ૫૧૨.૦૦ મીમી |
|---|---|---|
| ઉકાઇ | સપાટી આજની ૩૦૭.૭૫ ફૂટ | આઉટફ્લો 600 ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 30.00 સે. | ૨૭.00 સે. | ૮૩% |